# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૦૯



શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ (ગૃહસ્થો)....પૂજા–પ્રતિષ્ઠા યત્નપૂર્વક કરે છે. તે કાર્યમાં ગૃહસ્થને હિંસા થાય તો તે કેમ ટળે? સમાધાન આ છે કે—સિદ્ધાંતમાં આમ પણ કહ્યું છે કે અલ્પ અપરાધ લાગતાં પણ જો ઘણું પુણ્ય થતું હોય તો એવું કાર્ય ગૃહસ્થને કરવું યોગ્ય છે. ગૃહસ્થ તો જેમાં નફો જાણે તે કાર્ય કરે, જેમ થોડું દ્રવ્ય આપતા પણ જો ઘણું દ્રવ્ય આવતું હોય તો તે કાર્ય કરે છે. ૧૦૭૭. *(સ્વામીકાર્તિક, બાર ભાવના, ગાથા– ૪૦૫ ભાવાર્થમાંથી)*

✻ જે સમયે સમ્યગ્જ્ઞાનરૂપી દીપકથી ભોગોની નિર્ગુણતા જણાય છે અર્થાત્ ભોગ જરા પણ ગુણકારી નથી, આ વાત અચળરૂપે હૃદય પર અંકિત થઈ જાય છે તે સમયે ભોગ અને સંસારથી વૈરાગ્ય થાય છે. ૧૦૭૮

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ–૯, ગાથા– ૨૭)*

✻ (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :) અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતાં નથી તેઓ બિચારા, જેમનું (પુરુષાર્થરૂપ–પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, કર્મને કરે છે; તેથી ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ. ૧૦૭૯. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ– ૨૦૨)*

✻ જો વચન સંદેહરૂપ હો તથા પાપરૂપ હો ઔર દોષોંસે સંયુક્ત હો એવમ્ ઈર્ષાકો ઉત્પન્ન કરનેવાલા હો વહ અન્યકે પૂછને પર ભી નહિ કહના ચાહિયે તથા કિસી પ્રકાર સુનના ભી નહિ ચાહિયે. ૧૦૮૦. *(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક– ૧૨)*

✻ જેમ કોઈ પુરુષ તર્કબુદ્ધિથી પાણી અને દૂધને ભિન્ન-ભિન્ન સ્વભાવવાળા જાણી લે છે, તેમ સમ્યગ્જ્ઞાની પુરુષ પણ ઉત્તમ ધ્યાન વડે જીવ અને અજીવનો ભેદ જાણી લે છે. ૧૦૮૧. *(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા– ૨૪)*

✻ પ્રશ્ન :–આ જીવના રત્નત્રયગુણના લૂંટનાર કોણ છે?

ઉત્તર :–પાંચ ઈન્દ્રિયના વિષયો (રત્નત્રયગુણના હરનાર છે). ૧૦૮૨.

*(શ્રીમદ્ રાજર્ષિ-અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક–૭)*

✻ જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહા વનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે. ૧૦૮૩. *(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા– ૫૨)*

વર્ષ-૩
અંક-૬




સંવત
૨૦૬૫
February
A.D. 2009

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# સર્વજ્ઞદેવે કરેલો સ્વતંત્રતાનો ઢંઢેરો

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૯)

આ, સમયસાર નાટકનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. તેમાં ૪૮મા પદ્યની છેલ્લી બે લાઈનમાં કહ્યું કે—

जदपि तथापि विकलप विधि त्याग जोग, निरविकलप अनुभौ अमृतपान है। આત્માને એકાંતસ્વરૂપે માનનારના અનેક પ્રકાર છે તે જાણવા પણ તે સંબંધી વિકલ્પ ઊઠે છે તે ત્યાગ કરવાલાયક છે. આત્મા દ્રવ્યથી અબદ્ધ છે, પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા છે, વસ્તુ તરીકે આત્મા એક છે, ગુણપર્યાયથી અનેક છે એવા એવા ભેદ પણ છે અને અભેદ પણ છે, તે જેમ છે તેમ નય-પ્રમાણથી જાણવા, પણ જાણીને કરવું શું? કે—વિકલ્પો ત્યાગવા યોગ્ય છે અર્થાત્ દૃષ્ટિમાંથી એ વિકલ્પો છોડીને, નિર્વિકલ્પ અનુભવરૂપ અમૃતનું પાન કરવાનું છે.

પોતાનું સ્વરૂપ નિર્વિકલ્પ જ છે માટે પર્યાયમાં નિર્વિકલ્પતાથી અનુભવ કરીને અમૃતપાન કરવું તેનું જ નામ અનુભૂતિ છે, તે જ સમ્યગ્દર્શન છે, તેનાથી જ ધર્મની શરૂઆત થાય છે. માટે વિકલ્પની જંજાળ છોડીને પરિણતિમાં નિર્વિકલ્પ અમૃતરસનું પાન કરવું એ જ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય છે. હવે કહે છે કે—

'ક્યા નયથી આત્મા કર્મોનો કર્તા છે અને ક્યા નયથી નથી' તેનો મૂળ સંસ્કૃત શ્લોક ૧૮મો છે. કર્તા-કર્મ અધિકારની જ અહીં વિશેષ સ્પષ્ટતા કરી છે. વિકલ્પનો કર્તા

આત્મા જ છે પણ અજ્ઞાનભાવથી કર્તા છે. રાગ કરવો એ આત્માનું કાર્ય છે અર્થાત્ રાગનો કર્તા છે પણ પરનો કર્તા નથી એમ બતાવવું છે.

दरब करम करता अलख, यह विवहार कहाउ।
निहचै जो जैसो दरब, तैसौ ताकौ भाउ॥४९॥

અર્થ :—દ્રવ્યકર્મનો કર્તા આત્મા જ છે એમ વ્યવહારનય કહે છે, પણ નિશ્ચયનયથી તો જે દ્રવ્ય જેવું છે તેનો તેવો જ સ્વભાવ હોય છે–અર્થાત્ અચેતન દ્રવ્ય અચેતનનો કર્તા છે અને ચેતનભાવનો કર્તા ચૈતન્ય છે.

જડકર્મને આત્મા કરે છે એ તો વ્યવહારનયથી કહેવાય છે. ખરેખર તો જડકર્મ અજીવ પદાર્થ છે, તે પણ તેનું હોવાપણું–કર્તાપણું આદિ ધરાવે છે, તેને આત્મા શું કરે? કહેવામાં એમ આવે કે જીવે કર્મ બાંધ્યા પણ વસ્તુસ્થિતિ એમ નથી. નિશ્ચયથી જે દ્રવ્ય હોય છે તેનો જ ભાવ હોય છે. પરદ્રવ્ય તેનો કર્તા ન હોઈ શકે?

અહીં તો ફક્ત પરથી આત્માની ભિન્નતા બતાવવી છે. આત્મા સ્વભાવનો કર્તા છે અને પરભાવનો કર્તા નથી એ વાત અહીં સિદ્ધ કરવી નથી. નિશ્ચથી અચેતનભાવનો કર્તા અચેતન છે અને ચેતનભાવનો કર્તા ચેતન છે એમ બતાવવું છે.

શુભાશુભરાગનો કર્તા અજ્ઞાનભાવે આત્મા જ છે પણ અજ્ઞાનભાવે આત્મા જડકર્મનો પણ કર્તા છે—એમ નથી. છતાં વ્યવહારથી આત્માને જડકર્મનો કર્તા કહેવામાં આવે છે તે જૂઠો વ્યવહાર છે. નિશ્ચયથી આત્મા પોતાના ભાવનો કર્તા છે એ પણ અજ્ઞાનનો વ્યવહાર છે. 'પરનો કર્તા નથી અને સ્વનો કર્તા છે' એ અપેક્ષાએ નિશ્ચય કહ્યો પણ ખરેખર તો એ પણ વ્યવહાર છે.

જ્યાં સુધી જીવે સ્વરૂપનો પત્તો લગાવ્યો નથી ત્યાં સુધી અજ્ઞાનભાવના કારણે તે રાગનો કર્તા થાય છે એ નિશ્ચય છે. કેમ કે 'સ્વાશ્રિત તે નિશ્ચય અને પરાશ્રિત તે વ્યવહાર'. વિકારીભાવ પણ જીવદ્રવ્યનો ભાવ છે, કોઈ અન્યદ્રવ્યનો ભાવ નથી એમ બતાવતો હોવાથી તે નિશ્ચય છે. શરીર, ભાષા આદિ પરદ્રવ્ય હોવાથી તેનો કર્તા આત્માને કહેવો તે વ્યવહાર છે. આત્મા શરીર કે ભાષા આદિનો ખરેખર કર્તા નથી.

ननु परिणाम एव.....આ શ્લોક મૂળ હસ્તલિખિત પ્રતિમાં નથી પણ અધ્યાત્મતરંગિણીમાં છે. આપણે સમયસારમાં આ શ્લોક ૨૧૧મો છે. તેનો અર્થ આ છે કે 'ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે'. કર્મ એટલે કાર્યના અર્થમાં છે. વસ્તુના

જે પરિણામ છે તે જ તેનું કાર્ય છે: આ એક બોલ, પછી બીજો બોલ, પરિણામ પોતના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહીં. પોતે પોતામાં ઉલટું કે સુલટું પરિણમન કરી શકે છે પણ પરનું કાર્ય કોઈ દ્રવ્ય કરી શકતું નથી તેથી નિમિત્તના આશ્રયે કોઈના પરિણામ થાય છે એમ નથી. કોઈપણ વસ્તુની વર્તામન હાલત તે જ તે વસ્તુનું કાર્ય કહેવાય છે. પરિણામી વિના પરિણામ હોતા નથી અને જે પરિણામ છે તે પરિણામીનું કાર્ય છે. જીવ કોઈ મંદિર બનાવી શકે કે મૂર્તિ બનાવી શકે એ શક્ય નથી. જીવ માત્ર વિકલ્પ કરી શકે છે.

પરિણામ પરિણામીના આશ્રયે જ થાય છે, પરના આશ્રયે પરિણામ થતા નથી. આ બીજો બોલ થયો. બે બોલ ક્યાં કહ્યાં? કે—(૧) વર્તમાનપર્યાયરૂપી પરિણામ તે જ ખરેખર વસ્તુનું કાર્ય છે અને (૨) તે કાર્ય પરિણામી દ્રવ્યના આશ્રયે જ થાય છે, અન્યદ્રવ્યના આશ્રયે કાર્ય થતું નથી. નનુ એટલે ખરેખર. પરિણામ વિકારી હો કે અવિકારી હો તે જ ખરેખર કાર્ય છે અને તે પોતાના જ પરિણામી દ્રવ્યના આશ્રયે થાય છે, પરના–નિમિત્તના આશ્રયે થતું નથી. મડદાનું કાર્ય મડદાથી થાય છે, ભાષાનું કાર્ય ભાષાવર્ગણાથી થાય છે, હોઠથી ભાષાનું કાર્ય થતું નથી કેમ કે પરિણામ પોતાના દ્રવ્યના આશ્રયે થાય છે, પરના આશ્રયે થતું નથી. ભાષાવર્ગણાના અને શરીરના આહારવર્ગણાના પુદ્ગલો ભિન્ન છે તેથી આહારવર્ગણાથી ભાષાનું કાર્ય ન થાય. પ્રશ્ન થાય કે તો આ રામજીભાઈ વકીલ બસો-બસો રૂપિયા લઈને કામ કરતા હતા એ તેની હોંશિયારીનું કાર્ય ખરું કે નહિ?

રામજીભાઈ :—મૂર્ખાઈનું કામ હોય તો કોઈ પૈસા આપે ખરા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હોશિયારીથી પૈસા આવતા હતા એમ કહેવાય પણ તેનો અર્થ શું? કે—હોશિયારી તો જીવના પરિણામ છે અને પૈસાનું ક્ષેત્રાંતર થઈને આવવું એ તો પરમાણુનું કાર્ય છે, માટે જીવની હોશિયારી પૈસા લાવી ન શકે. પૈસાના પરમાણુ એ પણ જગતની વસ્તુ છે, અસ્તિ–સત્ત્વ છે, માટે ક્ષણે ક્ષણે તેના પરિણામ થયા વગર રહેતા નથી. માટે પૈસાનું અહીં આવવું એ પરમાણુનું કાર્ય છે અને પરમાણુના આશ્રયે થયેલું કાર્ય છે. વિકલ્પના આશ્રયે પૈસાનું કાર્ય થાય એમ ત્રણકાળમાં બની શકતું નથી. પરમાણુનું આવવું, રહેવું, ટકવું એ બધુ પરમાણુનું કાર્ય છે, જીવનું નહિ. પરમાણુના આશ્રયે તેનું કાર્ય થાય, જીવના આશ્રયે તેનું કાર્ય ન થાય.

આ એક શ્લોકમાં ચાર બોલ છે. એક બોલ તો આ : (૧) ખરેખર પરિણામ તે

જ નિશ્ચયથી કાર્ય છે. બીજો બોલ : (૨) પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યના આશ્રયે આ દ્રવ્યના પરિણામ થાય નહિ. 'अपरस्य न भवति।' અને सः परिणामिनः एव भवेत्। એમ અસ્તિ-નાસ્તિ કરીને પરિણામ પોતાના દ્રવ્યના આશ્રયે જ થાય, પરના આશ્રયે થાય જ નહિ એમ દૃઢ કર્યું છે. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય ન હોઈ શકે. એકવાર સમંતભદ્ર આચાર્યે કહ્યું હતું હે નાથ! એક જ સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ સર્વજ્ઞ સિવાય કોણ કહી શકે! એક 'ક' શબ્દ બોલવામાં અસંખ્ય સમય ચાલ્યા જાય એવો સૂક્ષ્મ સમય કે જેના કોઈ અંશ નથી તેમાં પ્રત્યેક દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ અંશ આપે જાણી લીધાં એ આપના સર્વજ્ઞપણાનું લક્ષણ છે.

ત્રીજો બોલ : (૩) कर्म कर्तृशून्यम् न भवति। કર્મ કર્તા વિના હોતું નથી અર્થાત્ કર્તાશૂન્ય કર્મ હોતું નથી અને ચોથો બોલ : (૪) વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી. વસ્તુ કૂટસ્થ નથી. ક્ષણે-ક્ષણે પરિણામ પલટ્યા કરે છે એટલે તેને એમ ભાસે છે કે જેવું નિમિત્ત આવે એવું પરિણમન થાય છે પણ એમ નથી. પરિણમનની સ્થિતિ જ એવી છે કે તે પલટ્યા કરે, પરના કારણે તે પલટતું નથી. વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે, માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મનો કર્તા છે આ નિશ્ચય સિદ્ધાંત છે.

એક સિદ્ધાંત જો યથાર્થ શ્રદ્ધામાં બેસી જાય તો એની દૃષ્ટિ પરના કરવાપણામાંથી છૂટી જાય અને પોતાના પરિણામના કરવાપણામાં આવે. પરિણામમાં વિકાર થાય છે તો પોતાને એમ થશે કે હું કોણ છું? શું વિકારી પરિણામ મારું કર્તવ્ય છે? હું વિકારી છું? હું વિકારી ન હોઈ શકું. હું ત્રિકાળી અવિકારી દ્રવ્ય છું એવી દૃષ્ટિ જ્યાં થાય છે ત્યાં વિકારી પરિણામનું કર્તાપણું પણ છૂટી જાય છે.

આમ આ ચાર બોલ સમજાય તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. ક્યા ચાર બોલ છે? બોલો (મુમુક્ષુ ચાર બોલ બોલી ગયા) ઘણાં વખતથી આ ચાર બોલ કહીએ છીએ.

હવે ૧૯મા શ્લોકમાં बहिर्लुटूटति यद्यपि.....मोहितः क्लिश्यते। આચાર્યોએ બહુ ટૂંકામાં પદાર્થની વ્યવસ્થા જેવી છે તેવી પ્રસિદ્ધ કરી દીધી છે. દુનિયાનો કર્તા ઈશ્વર તો નથી, તું પણ કોઈ પરદ્રવ્યનો કર્તા નથી. તું તારા જ પરિણામનો કર્તા છો. એમાં બે વાત છે. જ્યાં સુધી રાગ ઉપર દૃષ્ટિ છે, રાગનું અસ્તિત્વ જ દૃષ્ટિમાં આવ્યું છે, વસ્તુનો સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો નથી ત્યાં સુધી તું રાગનો કર્તા છે પણ જ્યાં વસ્તુનો સ્વભાવ દૃષ્ટિમાં આવશે ત્યાં તું રાગનો કર્તા નહિ થાય.

આ ૧૯મા શ્લોક ઉપર બનારસીદાસજીનું લખેલું ૫૦મુ પદ્ય આ પ્રમાણે છે.

'જ્ઞાનનું જ્ઞેયાકારરૂપ પરિણમન હોય છે પણ તે જ્ઞેયરૂપ થઈ જતું નથી'

ग्यानको सहज ज्ञेयाकार रूप परिणवै,
यद्यपि तथापि ग्यान ग्यानरूप कह्यौ है।
ज्ञेय ज्ञेयरूप यौं अनादि हीकी मरजाद,
काहू वस्तु काहूकौ सुभाव नहि गहयौ है॥
एतेपर कोऊ मिथ्यामती कहै ज्ञेयाकार,
प्रतिभासनसौ ग्यान असुद्ध है रहयौ है।
याही दुरबुद्धिसौं विकल भयौ डोलत है,
समझै न धरम यौं भरम मांहि बहयौ है॥५०॥

અર્થ :—જોકે જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયાકાર પરિણમન કરવાનો છે, તોપણ જ્ઞાન, જ્ઞાન જ રહે છે અને જ્ઞેય જ્ઞેય જ રહે છે. આ મર્યાદા અનાદિકાળથી ચાલી આવે છે, કોઈ કોઈના સ્વભાવનું ગ્રહણ કરતું નથી અર્થાત્ જ્ઞાન જ્ઞેય થઈ જતું નથી અને જ્ઞેય જ્ઞાન થઈ જતું નથી. આમ છતાં કોઈ મિથ્યામતી-વૈશેષિક આદિ કહે છે કે જ્ઞેયાકાર પરિણમનથી જ્ઞાન અશુદ્ધ થઈ રહ્યું છે, તેથી તેઓ આ જ મૂર્ખાઈથી વ્યાકુળ થઈ ભટકે છે—વસ્તુસ્વભાવને ન સમજતાં ભ્રમમાં ભૂલેલા છે.

રાજમલજીની 'કળશટીકા' ઉપરથી બનારસીદાસજીએ આ શ્લોકો બનાવ્યા છે. શું કહે છે? કે—જ્ઞાનનો સ્વભાવ એવો છે કે જે ચીજ જેવી હોય તેવી જ્ઞાન પોતાના સ્વભાવથી જાણી લે છે. શરીરને જ્ઞાન જાણે છે તો જ્ઞાન શરીરરૂપ થઈ જતું નથી. જ્ઞેય જેવું હોય તેવું જ્ઞાનનું પરિણમન જ્ઞાનના પોતાના સ્વભાવથી થાય છે, જ્ઞેયના કારણે નહિ. જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી કે જ્ઞેય જ્ઞાનરૂપ થતું નથી. જ્ઞાનનું સહજ પરિણમન જ જાણવાનું છે. રાગને જાણવો, શરીરને જાણવું, છ દ્રવ્યને જાણવા, જગતને જાણવું...બધાને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે પણ કોઈનું કાંઈ કરી દેવાનો કે કોઈને પલટાવી દેવાનો જ્ઞાનનો સ્વભાવ નથી.

બધાને જાણવાકાળે પણ જ્ઞાન જ્ઞાનરૂપ રહીને જ પરિણમ્યું છે, કોઈ અન્યરૂપ જ્ઞાન થતું નથી. જ્ઞાન જ્ઞેયાકારે થતું હોવા છતાં જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી કે જ્ઞેયના કારણે

જ્ઞાન થતું નથી. જ્ઞાનમાં 'સ્વ-પરપ્રકાશક' શક્તિ છે તેથી જ્ઞાન સર્વને જાણવા છતાં જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે. રાગને જાણતું જ્ઞાન કાંઈ રાગરૂપ થઈ જતું નથી. અરે! સમકિતી વેપાર-ધંધા, લડાઈ આદિ ક્રિયા અને રાગને કરે તો છે ને! એમ અજ્ઞાનીને થાય, પણ ભાઈ! સમકિતી તો જ્ઞાન કરે છે, ક્રિયા કે રાગને કરતા નથી. સમકિતી છ ખંડના રાજા ઊભા દેખાય, ૩૨ વર્ષના યુવાન રાજકુમાર હોય અને કોઈ રાજ્ય ઉપર ચડાઈ કરે તો હાથી, ઘોડા, સૈન્ય આદિ લશ્કર લઈને લડવા જતાં દેખાય છે તો સમકિતી ચક્રવર્તી તેના કર્તા છે ને! ના. અજ્ઞાની પણ ખાય અને જ્ઞાની પણ ખાય, અજ્ઞાની પણ લગ્ન કરે અને જ્ઞાની પણ લગ્ન કરે, બધી ક્રિયા તો જ્ઞાની-અજ્ઞાનીની સરખી દેખાય છે પણ જ્ઞાની તેના કર્તા નથી. જ્ઞાનીના જ્ઞાનમાં સ્વભાવનું પરિણમન અને સામેની ચીજનું જ્ઞાન પોતાના સ્વભાવથી થાય છે પણ પરનું પરિણમન જ્ઞાની કરતા નથી અને પરદ્રવ્ય જ્ઞાનીના પરિણમનમાં આવતું નથી.

અજ્ઞાનીને કદાચિત્ પૂર્વનું પુણ્ય ન હોય તો સારા સંયોગો ન હોય, સ્ત્રી, ધનાદિ બધુ થોડું હોય અને જ્ઞાનીને પૂર્વના પુણ્યયોગે સંયોગો અનુકૂળ અને ઘણાં હોય, દુકાનના થડે બેઠા દેખાતા હોય પણ ખરેખર જ્ઞાની ત્યાં બેઠાં નથી, જ્ઞાની તો પોતાના જ્ઞાનમાં બેઠા છે. લડાઈના દ્વેષના ભાવ પણ જ્ઞાનીને આવે છતાં જ્ઞાની તેમાં નથી.

શ્રોતા :—આ તો જ્ઞાનીની વાતમાં બહુ પોલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોલ નથી, નક્કર વાત છે. જ્ઞાને જ્યાં સ્વભાવનું લક્ષ્ય કર્યું ત્યાં જ્ઞાનમાં સ્વભાવનું પરિણમન થયું અને પરચીજનું પરિણમન જેમ છે તેમ તેનું જ્ઞાન થયું પણ જ્ઞાન થયું માટે પરનો કર્તા છે કે પરજ્ઞેય જ્ઞાનમાં આવી જાય છે એમ તો બનતું નથી. ૯૬ હજાર રાણી, ૯૬ કરોડ પાયદળ, ૪૮ હજાર નગર, ૭૨ હજાર પાટણ આદિ પરસંયોગ ભલે હો પણ તે પરચીજ પરરૂપ પરિણમે છે તેને જ્ઞાની જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. સમ્યગ્દષ્ટિ પોતાની પર્યાયને જ જાણે છે. સર્વજ્ઞના જ્ઞાનમાં પરિણમન થાય છે તે જેમ પરજ્ઞેયના કારણે થતું નથી અને જ્ઞેયને જાણતાં સર્વજ્ઞના જ્ઞાનમાં જ્ઞેયો આવી જતાં નથી તેમ જ્ઞાની પણ સંયોગોને જાણવા છતાં પોતાને સંયોગથી ભિન્ન અનુભવે છે.

વસ્તુસ્વરૂપ જાણવું એ બહુ અલૌકિક વાત છે. જ્ઞાનનો સ્વભાવ જ જેમ છે તેમ જાણવાનો છે માટે જ્ઞેયો જેમ છે તેમ જ્ઞાન જાણે છે તેથી કાંઈ જ્ઞેયો જ્ઞાનમાં આવી જતાં નથી. જ્ઞેયો જેવાં છે તેવા જાણવા તેનું નામ જ સમ્યગ્જ્ઞાન છે. જેવા જ્ઞેયો છે તેનાથી

બીજી રીતે જાણે તો એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. માટે, સમ્યગ્જ્ઞાની જ્ઞેયોને જેમ છે તેમ જાણે છે તો જ્ઞેયોના કારણે જ્ઞાન થાય છે એમ માનવું જૂઠું છે.

કર્તા-કર્મ અધિકારમાં 'करता परिणामी दरव, करम रूप परिनाम। किरिया परजयकी किरनि, वस्तु एक त्रय नाम॥' વગેરે વાત આવી ગઈ છે પણ અહીં સર્વવિશુદ્ધ અધિકારમાં તેનાથી વિશેષ વાત આચાર્યદેવે કરી છે.

તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તો જ્ઞાનનો સ્વ-પરને જાણવાનો સ્વતઃ સ્વભાવ છે તેથી જ્ઞાન જ્ઞાનરૂપ રહીને જ્ઞેયને જાણે છે, જ્ઞેયરૂપ થતું નથી. સમકિતી દુકાનમાં બેઠા હોય 'આ વસ્તુ લાવો, ગ્રાહકને આપો....વગેરે બોલતાં હોય ત્યારે પણ ક્રિયા જ્ઞાનની ચાલતી હોય છે. જ્ઞેયની ક્રિયા જ્ઞાનમાં આવતી નથી. 'કરવું કાંઈ નહિ અને જાણવું બધું.....' જ્ઞાની પરના કોઈ કાર્યને કરતાં નથી પણ જાણવાનું કાર્ય કર્યા વિના રહેતાં નથી.

લોકોને બહિર્દષ્ટિ હોવાથી એમ થાય કે જેવું જ્ઞેય છે એવું જ જ્ઞાન થાય છે માટે તેમાં જ્ઞેયની કાંઈક નિમિત્તતા છે તો જ્ઞાન પરિણમે છે (પણ એમ નથી ભાઈ!) આ શબ્દ કાને પડે છે તે શબ્દ પરજ્ઞેય છે, તેના પરિણમનથી જ્ઞાનનું પરિણમન થાય? શું જ્ઞેય અંદર ઘૂસી જાય છે? કે—જ્ઞાન જ્ઞેયમાં જાય છે? ના. શબ્દનું અને જ્ઞાનનું ભિન્ન-ભિન્ન પરિણમન પોતે પોતાથી થાય છે.

આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી માટે સર્વધર્મ સમાનની વાત જૂઠી છે. સર્વજ્ઞ વીતરાગનો પંથ એક જ છે.

શ્રોતા :—શું કરીએ મહારાજ! અમે તો કાંઈ સમજતાં નથી, આપ કહો તો આપની વાત માની લઈએ, બીજા કહે તો તેની વાત પણ માની લઈએ....

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમ કેમ માનો? કોઈ એમ કહે કે તમારા પિતાજીને મારા પિતાજીએ પાંચ લાખ રૂપિયા આપ્યા હતાં એમ કહે તો માની લ્યો છો? કોઈના કહેવાથી કોઈ માનતું નથી, પોતાને જે વાત જ્ઞાનમાં બેસે તે જ માને છે.

ज्ञेय ज्ञेयरूप यौं अनादिहीकी मरजाद......જ્ઞેય સદા જ્ઞેયરૂપ જ રહે અને જ્ઞાન સદા જ્ઞાનરૂપ જ રહે. જ્ઞેય કદી જ્ઞાનને સ્પર્શે નહિ અને જ્ઞાન કદી જ્ઞેયને સ્પર્શે નહિ એવા અનાદિની વસ્તુમર્યાદા છે. જ્ઞાન જ્ઞેયને જાણે છે એટલે જ્ઞાન જ્ઞેયને સ્પર્શે છે એમ નથી. જ્ઞેય જ્ઞેયરૂપ રહે છે અને જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે. જ્ઞેયનું અસ્તિત્વ જ્ઞાનમાં આવતું નથી અને તારી પર્યાયનું અસ્તિત્વ પરના કારણે થતું નથી.

૮૩ની સાલમાં બહુ ચર્ચા થઈ હતી. વિરજીભાઈ કહે કે જ્ઞાનપરિણમન પોતાથી થાય છે, પરથી નહિ, તો સામેવાળા કહે કે નહિ, જ્ઞેય જેટલું જ્ઞાન થાય છે માટે જ્ઞેય જ જ્ઞાનનું કારણ છે. છ દ્રવ્ય ન હોય તો જ્ઞાન પણ છ દ્રવ્યના જ્ઞાનરૂપે પૂર્ણ પરિણમે નહિ. પ્રવચનસારમાં પણ કહ્યું છે કે આત્મા જ્ઞાનપ્રમાણ છે, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે અને જ્ઞેય લોકાલોકપ્રમાણ છે. પણ તેનો અર્થ શું!! જ્ઞેય લોકાલોકપ્રમાણ છે પણ તેથી કાંઈ લોકાલોકના કારણે જ્ઞાન છે એમ અર્થ નથી. તેમ જ રાગ છે અને રાગ જેવો છે એવો જ જ્ઞાનમાં જણાય છે તેથી કાંઈ રાગના કારણે જ્ઞાન થાય છે એમ નથી.

ભિન્ન-ભિન્ન તત્ત્વને એક તત્ત્વ માનવા એ માન્યતા મિથ્યાભ્રમ છે. દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ જ્ઞેયને પોતાના માનવા એ મિથ્યાત્વ છે અને જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માનવો એ અનંતાનુબંધીનો વિકાર છે. સમયસારમાં ૧૦મા કળશમાં આ વાત આવે છે. 'આત્મસ્વભાવં પરભાવ ભિન્નં....' દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાપણાની કલ્પના કરવી તેને 'સંકલ્પ' કહે છે. ત્યાં સંકલ્પ એટલે મિથ્યાત્વ અને જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં ભેદ માલુમ થવો તે વિકલ્પ છે અર્થાત્ અનંતાનુબંધી કષાય છે. જ્ઞેય બદલાતાં મારું જ્ઞાન બદલાઈ ગયું એ ભ્રમ છે. મારું જ્ઞાન જ એ પ્રકારે સ્વયં પરિણમે છે, જ્ઞેયના કારણે જ્ઞાન પરિણમતું નથી.

काहू वस्तु काहूकौ सुभाव नाहि गहयौ है। ચૈતન્યનો સ્વભાવ જડ ગ્રહે કે જડનો સ્વભાવ ચૈતન્ય ગ્રહે એમ ત્રણકાળમાં બનતું નથી. શરીર જડ છે એમ જ્ઞાન જાણે પણ શરીરની પર્યાયને ગ્રહે નહિ અને શરીર ચૈતન્યની પર્યાયને ગ્રહે નહિ. જ્ઞાન પોતાના ચેતનપણાને અને શરીરના જડપણાને પોતાના સ્વભાવથી જાણે એવો જ્ઞાનનો સ્વ-પરપ્રકાશકસ્વભાવ સ્વતઃસિદ્ધ છે.

एतेपर कोऊ मिथ्यामती कहै ज्ञेयाकार, प्रतिभासनसौं ग्यान असुद्ध है रहयौ है। મિથ્યામતીને એમ થાય છે કે 'આ જ્ઞેયાકારોનું જ્ઞાનમાં પ્રતિભાસન થવાથી જ્ઞાન અશુદ્ધ થઈ જાય છે'; પરંતુ જ્ઞેયનું ભાસન કાંઈ અશુદ્ધતાનું કારણ નથી. સ્વ-પરપ્રકાશક તો જીવનો સ્વભાવ છે. પરવસ્તુ જેવી છે એવી જ્ઞાનમાં જણાઈ તેમાં પરવસ્તુનો કાંઈ દોષ નથી અને જ્ઞાનનો પણ કાંઈ દોષ નથી. જેની દૃષ્ટિ પર ઉપર છે તેને એમ થાય છે કે આવી વાત સાંભળવાથી મને દ્વેષ થયો અથવા આવું જાણવાથી મને રાગ થયો....એ તેની ભૂલ છે. આ ભૂલના કારણે ભડકીને ભાગે છે. જેવી ચીજ છે એવી જાણવી એ તો તારી જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. જાણવું એ તો સ્વ-પરપ્રકાશકજ્ઞાનની શુદ્ધતા છે, તેમાં અશુદ્ધતા ક્યાંથી આવે? આહાહા!

આમ, જ્ઞાન જ્ઞાનરૂપ અને જ્ઞેય જ્ઞેયરૂપ હોવા છતાં મિથ્યામતીને જ્ઞેયને જાણવાથી જ્ઞાનમાં અશુદ્ધતા આવી એમ ભ્રમણા થાય છે. મારા જ્ઞાનમાં મારો આત્મા જ જણાવો જોઈએ, પર નહિ. અરે ભાઈ! સાંભળ! તારા આત્માનું જ્ઞાન જેમ તારું છે તેમ પરસંબંધી જ્ઞાનપર્યાય પણ તારી છે. તે પર્યાયને તું જાણવાવાળો છો, પરને જાણવાવાળો નથી.

याही दुरबुद्धिसौं विकल भयौ डोलत है,
समुझै न धरम यौं भरम मांहि बहयौ है।

જુઓ જ્ઞેય જ્ઞાનની ભિન્નતા! જેવું જ્ઞેય છે એવું જ જ્ઞાન થાય છે છતાં જ્ઞેયના કારણે જ્ઞાન થાય છે એમ નથી. અલ્પજ્ઞને અલ્પજ્ઞાનપણે અને સર્વજ્ઞને સર્વજ્ઞાનપણે લોકાલોક દેખાય છે તેનાથી કાંઈ અશુદ્ધતા આવતી નથી. સર્વજ્ઞપણે પરિણમવું તે આત્માનો સ્વભાવ છે. સ્વ-પરના જ્ઞાનપણે પરિણમવું તે જીવનો નિજ સ્વભાવ છે. તે સ્વભાવ પરના કારણે નથી. આમ નહિ સમજતો દુર્બુદ્ધિ મુર્ખાઈથી વ્યાકુળ થઈ ભ્રમમાં ડોલે છે.

વિશેષ :—વૈશેષિકોનો એકાંત સિદ્ધાંત છે કે જગતના પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે પણ એમ નથી. જ્ઞાનમાં કાંઈ પરનું પ્રતિબિંબ પડતું નથી. જ્ઞાન જ એવા જ્ઞાનરૂપે પરિણમે છે. અરીસામાં જે અગ્નિ અને જળ દેખાય છે તે કાંઈ અગ્નિ કે જળ નથી. એ તો અરીસાની પર્યાય છે, તેને હાથ લગાડવાથી ઉષ્ણતાનો કે શીતળતાનો અનુભવ થતો નથી. તેમ જ્ઞાનમાં લોકાલોક જણાય છે તે કાંઈ લોકાલોક નથી, જ્ઞાનની જ પર્યાય છે તે જ જણાય છે.

અજ્ઞાનીને એમ થાય છે કે પરનું જાણવું છૂટી જાય તો અશુદ્ધતા મટે પણ પરનું જાણવું છૂટે ક્યાંથી? પરનું જાણવું એ તો નિજ સ્વભાવ છે, તે કાંઈ પરના કારણે નથી. જ્ઞાનનું સામર્થ્ય છે કે તે સર્વજ્ઞેયને જાણે છે. મતિ, શ્રુત, અવધિ, મન:પર્યય અને કેવળજ્ઞાનપણે પરિણમવાનું પોતાના જ્ઞાનનું સામર્થ્ય છે તે પરના કારણે નથી.

જ્ઞાન સ્વચ્છ આરસી સમાન છે, તેના ઉપર પદાર્થોની છાયા પડે છે, તેથી વ્યવહારથી કહેવું પડે છે કે અમુક રંગનો પદાર્થ ઝળકવાથી કાચ અમુક રંગનો દેખાય છે પણ વાસ્તવમાં છાયા પડવાથી કાચમાં કાંઈ પરિવર્તન થતું નથી. કાચ તો જેમનો તેમ બની રહે છે. (ક્રમશ:)

# ત્રણ લોકની જીવ-રાશિ સમાન છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૬)

આ, શ્રી પરમાત્મપ્રકાશ છે, તેના બીજા અધ્યાયની ગાથા ૧૦૬ ચાલે છે.

આ આત્માનો સ્વભાવ જ પરમાત્મસ્વરૂપ છે. 'અપ્પા સો પરમપ્પા'. આત્માની પર્યાયમાં પરમાત્મદશા થાય છે તે પરમાત્મપણું એની શક્તિના ગર્ભમાં પડ્યું છે. શક્તિ એટલે 'વસ્તુનું સત્ત્વ' એ તો અંદરમાં પડ્યું છે તેને પર્યાયમાં એન્લાર્જ કરવાનું છે—પ્રગટ કરવાનું છે.

આત્માના અસંખ્યપ્રદેશ જ એનો દેશ છે. આ ભારતદેશ છે તે આત્માનો દેશ નથી. અરે! કર્મ એ પણ આત્માનો દેશ નથી. એક પરમાણુ જેટલી જગ્યા રોકે એટલી જગ્યાને એક પ્રદેશ કહેવાય છે. એવા અસંખ્ય પ્રદેશ જેટલો પહોળો આત્માનો દેશ છે. એના સ્વદેશમાં જ્ઞાનાદિ અનંતગુણથી આત્માનું સત્ત્વ બિરાજે છે એ જ પરમાત્મસ્વરૂપ છે. તેને પર્યાયમાં પ્રગટ કરવું એટલે પ્રાપ્તની પ્રાપ્તિ કરવી. વસ્તુનું સત્ત્વ દરેક આત્માનું સમાન છે.

૧૦૬ ગાથામાં કહે છે કે જીવોમાં જે ભેદ છે તે બધા કર્મજનિત છે.

जीवहँ भेउ जि कम्म-किउ कम्मु वि जीउ ण होइ।
जेण विभिण्णउ होइ तहँ कालु लहेविणु कोइ॥१०६॥

અર્થ :—જીવોમાં નર-નારકાદિ ભેદ કર્મોથી જ કરવામાં આવ્યા છે અને કર્મ કાંઈ જીવના થઈ શકતા નથી કેમ કે જીવ તો સમય પામીને એ કર્મોથી જુદો થઈ જાય છે.

ભાવાર્થ :—કર્મ શુદ્ધાત્માથી જુદા છે એટલે કે આત્માનું હોવાપણું આઠ કર્મથી જુદું છે અને આઠ કર્મનું હોવાપણું આત્માથી જુદું છે. બંને તત્ત્વો જુદા છે.

શુદ્ધાત્મા ભેદકલ્પનાથી પણ રહિત છે એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ભેદોની કલ્પના એ પણ આત્માનું સ્વરૂપ નથી. દીપચંદજીએ પરમાત્મપુરાણમાં વર્ણવ્યું છે કે આત્માના અસંખ્ય પ્રદેશ એ જ એનો દેશ છે અને અનંતગુણ એની પ્રજા છે, સમકિત એનો ફોજદાર છે, દર્શન-જ્ઞાન એના મંત્રી છે એમ મોટું વર્ણન કર્યું છે પણ આ જીવને

ખબર નથી કે હું ક્યાં, કેવો અને કેવડો છું! પોતાનું હોવાપણું જોવાની કદી નજર કરી નથી અને શરીરાદિના હોવાપણામાં જ 'આ હું છું' એમ માન્યતા કરી છે પણ ખરેખર શરીરાદિ તો બીજું તત્ત્વ છે, તેના હોવાપણામાં આત્માનું હોવાપણું બિલકુલ નથી.

જ્યાં સુધી સ્વ-સત્તાના સ્વભાવના સામર્થ્યની પ્રતીત અને અનુભવ ન કરે ત્યાં સુધી જીવ સુખી, શાંત અને સ્વતંત્ર ન થઈ શકે. બહારથી રસ, પૂરી ને પતરવેલિયા ખાઈને સુખી થતો દેખાતો હોય પણ એ દુ:ખી છે. ચણાના લોટમાં મસાલો નાખીને અળવીના પાન ઉપર ચોપડીને, ગોળ કટકા કરીને તળે એને પતરવેલિયા કહેવાય. તેમાં અજીવ તત્ત્વનું અસ્તિત્વ છે. તે કાંઈ આત્માને અડતું પણ નથી. આત્મા એ અજીવ તત્ત્વને જાણે પણ અડે નહિ તો તેનો સ્વાદ આત્માને ક્યાંથી આવે! જો જડ વસ્તુ આત્મામાં આવે તો તો આત્મા જડ થઈ જાય. આત્મામાં તેનું જ્ઞાન થાય છે ત્યાં અજ્ઞાની એવી કલ્પના કરે છે કે આ ચીજ મેં ખાધી, મને અડી, મને મીઠી લાગી વગેરે.... એ તો આત્માને કહેતી પણ નથી કે તું મને સ્પર્શ કર, પુદ્ગલ તો પોતાના પરિણમનમાં સ્વયં ચાલ્યું જાય છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા કર્મથી પણ જુદો છે ત્યાં બીજી વસ્તુથી તો જુદો જ છે. અરે! નિજ દરબારમાં શું સંપદા છે તેને કદી જોઈ નથી અને બહારની સંપદાને નિજ-સંપદા માનીને ચોરાશીના અવતારમાં રખડી રહ્યો છે.

પોતાની સંપદા તો પોતાની આંખે જુએ તો દેખાય, બીજાની આંખે પોતાની સંપદા ન દેખાય. આ આંખ તો જડ છે તેનાથી આત્માની સંપદા ન દેખાય.

આ તો પરમેશ્વરના ઘરની અગમ્ય વાત છે ભાઈ!

એક એક પરમાણુ પોત પોતાના કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારકથી સમયે સમયે પરિણમી રહ્યા છે અને આત્મા પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ ષટ્કારકથી પર્યાયમાં પરિણમી રહ્યો છે. આત્માની અવસ્થામાં પરની અવસ્થા આવતી નથી અને આત્માની અવસ્થા પરમાં જતી નથી.

અહીં તો વસ્તુમાં ભેદકલ્પનાનો પણ નિષેધ કર્યો છે. એકરૂપ વસ્તુમાં આ દ્રવ્ય, આ ગુણ અને આ પર્યાય એવા ત્રણ ભેદ નથી. એકરૂપ વસ્તુમાં આવા ત્રણ ભેદ પાડવા તે કલ્પના છે. વસ્તુમાં ત્રણ પ્રકાર નથી.

આ શુભાશુભકર્મ છે તે જીવનું સ્વરૂપ નથી, જીવનું સ્વરૂપ તો નિર્મળ જ્ઞાન-દર્શનસ્વભાવ છે. શુભાશુભકર્મ એટલે પુણ્ય-પાપ કર્મ છે તે પરક્ષેત્રમાં છે, સ્વક્ષેત્રમાં

પરક્ષેત્ર આવતું જ નથી. કર્મનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર એટલે બંનેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જુદા જુદા છે તે એકબીજામાં પ્રવેશતા નથી. આત્મા તો એકલો જ્ઞાનનો પિંડ છે અને દર્શનનો દેદાર છે. જાણવા-દેખવાના સ્વભાવમય ભગવાન આત્મા છે તેની અંતરમાં દૃષ્ટિ કર્યા વિના વર્તમાન પર્યાયમાં સુખ, શાંતિની અનુભૂતિ થાય નહિ.

જ્ઞાન-દર્શન સ્વભાવને સંસ્કૃત પાઠમાં 'વિશુદ્ધ' વિશેષણ આપ્યું છે. વિશુદ્ધ એટલે નિર્મળ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાન-દર્શનસ્વભાવી છે, તે જડના કાર્યોને કરતો નથી. જડ વસ્તુ તેના કાર્યકાળે રૂપાંતર કે ક્ષેત્રાંતર સ્વયં થાય છે. આ પગના પરમાણુ જમીનને અડ્યા વગર સ્વયં ગતિ કરે છે. આવી વાત કોને બેસે!! એક વસ્તુનો બીજી વસ્તુમાં અભાવ છે. પગના નીચેના પરમાણુ જમીનના પરમાણુને અડતા જ નથી. એક એક પરમાણુનું પોતાનું સત્ત્વ છે. અનંત ગુણથી પૂર્ણ એ સત્ત્વની અવસ્થા પોતામાં થાય છે, બીજાને તે અડતું પણ નથી. સમજાણું કાંઈ!

દરેક પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાય નિરાલંબી છે, પોતાથી પરિણમી રહ્યા છે. બીજી ચીજનું નિમિત્ત છે તે તો માત્ર તેની હાજરીનું જ્ઞાન કરવા માટે છે. જીવના પરિણમનકાળે સાથે રહેલાં પરમાણુ જ્યાં અને જેવી રીતે પરિણમવાયોગ્ય હોય તેમ પરિણમે છે. તેમાં બીજા દ્રવ્યનું કાર્ય બિલકુલ નથી. સમવસરણમાં ભગવાન સિંહાસન ઉપર અંતરીક્ષ એટલે નિરાલંબ બિરાજે છે, પાંચસો ધનુષ ઊંચો દેહ અને તેના પ્રમાણમાં લંબાઈ-પહોળાઈવાળો ભગવાનનો દેહ નિરાલંબપણે અધ્ધર બિરાજે છે, તેથી તો સમવસરણસ્તુતિમાં કહ્યું કે—

"ઊંચે ચતુરાંગલ જિન રાજે, ઇન્દ્રો નરેન્દ્રો મુનિરાજ પૂજે,
જેવું નિરાલંબન આત્મદ્રવ્ય, તેવો નિરાલંબન જિનદેહ."

સમવસરણમાં ભગવાન સીમંધરનાથ, પાંચસો ધનુષ્યનો દેહ છે પણ સિંહાસનને અડ્યા વગર ચાર આંગળ ઊંચે બિરાજે છે તેને કોઈનું આલંબન નથી. ભગવાન પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પોતાના અસ્તિત્વથી બિરાજમાન છે તેમ તેમના દેહને પણ કોઈનો ટેકો નથી. જેમ ચંદ્ર, સૂર્યને કોઈનો ટેકો નથી તેમ ભગવાનને પણ કોઈ ટેકાની આવશ્યકતા નથી. સૂર્ય, ચંદ્ર તો કેવડા મોટા છે! બે હજાર ગાવનો એક જોજન હોય તેના ૬૧ ભાગ પાડવા. તેમાં ૫૬ ભાગ પ્રમાણ તો ચંદ્ર છે અને સૂર્ય ૪૮ ભાગ પ્રમાણ છે છતાં કોઈને ટેકો નથી. આ તો દ્રવ્યનું નિરાલંબનપણું બતાવવા માટે આ વાત આવી ગઈ. આ પણ કુદરતી છે. પુણ્યનો યોગ હોય તો કઈ વાત ક્યાં છે તે તરત મળી જાય, પુણ્યનો યોગ ન હોય તો ગોતવા જવું પડે કે આ ક્યાં હશે!

જેમ પૈસા આવે છે તે પૂર્વ પુણ્યના યોગથી આવે છે તેમ દરેક સંયોગો પુણ્યના યોગથી આવે છે. નિમિત્ત તરીકે કર્મ છે અને મૂળ તો એ પ્રકારે જ સંયોગો સ્વતંત્રપણે કોઈ કારણ વિના સ્વયં આવે છે. પુરુષાર્થથી સંયોગો આવતા નથી.

પૈસાવાળાને એમ થાય કે મારા પુરુષાર્થથી ધન આદિ બધું આવે છે પણ એના ઘરમાં બાળક જન્મે છે તે ક્યાં પુરુષાર્થ કરવા ગયું છે! પણ તેને બધું મળે છે કે નહિ! માટે પુરુષાર્થથી નહિ પણ પુણ્યથી અનુકૂળ સંયોગો મળે છે.

બાળકને એના બાપે બધું આપ્યું છે એમ પણ નથી. આત્માને બાપ કેવો અને બેટો કેવો! આત્માની પ્રજા તો એની પર્યાય છે અને પર્યાયનો બાપ તે દ્રવ્ય છે. ભગવાન આત્મા દ્રવ્ય છે, તેમાં અનંતા ગુણો છે, તેમાંથી સમયે સમયે નવી સૃષ્ટિ એટલે કે પર્યાય ઉત્પન્ન થાય તે પ્રજા છે. તેમાં વિકારની ઉત્પત્તિ થાય તે કુલાંગર છે અને નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થાય તે દ્રવ્યનો વારસો રાખનારી છે.

શુભાશુભ કર્મોનું બંધન અને તેનું ફળ એ જીવનું સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવ છે. જીવ અનાદિ કાળથી પોતાના સ્વરૂપને ભૂલી રહ્યો છે. ભૂલવાનું કારણ પણ પોતામાં છે. 'અપનેકો આપ ભૂલકે, હૈરાન હો ગયા'. બીજી ચીજ તો નિમિત્ત માત્ર છે. પોતે ત્રિકાળી વસ્તુ શું છે તેની એણે કદી ખબર લીધી નથી, પોતાની સંપદાનો ભરોંસો કર્યો નથી, મારી સંપદા પૂર્ણાનંદથી ભરેલી છે એવી પ્રતીતિ એણે અનંત કાળમાં કોઈ'દિ કરી નથી, તેથી નરક-નિગોદના ભવમાં રખડી રહ્યો છે.

સ્વતઃસિદ્ધ વાસ્તવિક સ્વભાવમાં અપૂર્ણતા અને વિકાર ક્યાંથી હોય! પણ પૂર્ણતા અને અવિકારીપણાથી ભરેલ ચૈતન્યસ્વભાવને ભૂલીને રાગને જ પોતાનો સ્વભાવ માનીને એવા મલિન પરિણામના વ્યાપાર દ્વારા જીવ કર્મોને બાંધે છે.

બીજી ચીજને તો આ બહુ સૂક્ષ્મતાથી જુએ છે. હીરામાં પહેલ પાડે ત્યારે કેવા ઝીણવટથી આમ તેમ જુએ છે પણ એલા! આત્માની પહેલ કેવી છે તેને તો જો! આત્મા કોણ છે? કેવડો છે? કેવા ભાવે પરિણમી રહ્યો છે? યથાર્થપણે કેવા ભાવે એણે પરિણમવું જોઈએ...એનો અંતરમુખી વિચાર કે મનન કર્યાં જ નથી, સાંભળ્યું પણ નથી.

આહાહા...ચૈતન્ય બાદશાહ અનાદિ કાળથી પોતાના અનાકુળ આનંદના રસકંદ સ્વરૂપને ભૂલીને રાગાદિ અશુદ્ધ મલિન પરિણામે પરિણમી રહ્યો છે. સ્વભાવનું સાધન તો કરતો નથી અને પર લક્ષે અશુદ્ધ પરિણામનું આચરણ કરી રહ્યો છે. તેથી એને નવા

કર્મોનું બંધન થાય છે. આ રીતે આ જીવ અનાદિ કાળથી કર્મબંધન કરતો રહ્યો છે.

આ કર્મબંધથી જીવ ક્યારે છૂટે? કે વીતરાગ પરમાત્માની અનુભૂતિના સહકારી કારણરૂપ જે સમ્યક્ત્વની ઉત્પત્તિનો સમય તેને પામીને જીવ કર્મોથી જુદો પડી જાય છે. વીતરાગ પરમાત્મા એટલે નિજ આત્મદ્રવ્ય તેની અનુભૂતિ એટલે દર્શન અને જ્ઞાન તેનું સહકારી કારણ જે સમકિતની ઉત્પત્તિનો કાળ એટલે કાળલબ્ધિ. પાઠમાં છે ને! वीतरागपरमात्मानुभूति सहकारी कारणभूतं कमपि कालं लब्ध्वेति । ગાથામાં પણ છે કે कालु लहेविणु कोई । સમકિતનો કાળ પામીને જીવ કર્મોથી છૂટી જાય છે. અનાદિથી મહાન નિજ પદાર્થને ભૂલીને પર નિમિત્તને અનુસરીને જીવ જે અશુદ્ધોપયોગ કરતો હતો તે એની દુઃખરૂપ દશા હતી અને તેનાથી નવા કર્મોનું બંધન થતું હતું. હવે એમાંથી કોઈ જીવ પોતાના કાયમી વીતરાગ સ્વભાવને અનુસરીને, સમકિતની ઉત્પત્તિનો સમય પામીને, સમ્યગ્દર્શન પામે છે—'હું તો અનાદિ અનંત એક નિજ જ્ઞાયકભાવે એવો ને એવો રહ્યો છું, હું કદી અપૂર્ણ કે વિકારમય થયો નથી' એવી અંતરમુખમાં નિજસ્વભાવના અનુભવ સહિત પ્રતીતિનો કાળ પામીને કર્મોથી છૂટી જાય છે.

રાગાદિ અશુદ્ધોપયોગથી કર્મને બાંધે છે અને અંતરદૃષ્ટિના અનુભવ દ્વારા એ જ જીવ કર્મોને છોડે છે. નિજ અનુભૂતિ કરવામાં સહકારી કારણ કાળને કહેવામાં આવે છે, માટે તે કાળને પામીને જીવ કર્મોથી જુદો પડી જાય છે એ કહેવામાં આવ્યું છે.

જેમ સોનુ અને પથ્થર ખાણમાં ભેગા હોય પણ તેને અગ્નિ લગાડવાથી સોનુ અને પથ્થર જુદા પડી જાય છે, તેમ ભગવાન શુદ્ધ ચૈતન્યરૂપી સોનાને અનાદિ કાળથી પુણ્ય-પાપના વિકારરૂપી મેલ સાથે જોડાણ થયું છે, હવે, આ પુણ્ય-પાપના મેલથી રહિત મારું સ્વરૂપ નિર્મળ ચૈતન્ય છે એવી અંતરદૃષ્ટિ કરીને, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં સ્વરૂપનો અનુભવ થતાં જીવ કર્મોથી છૂટો પડી જાય છે. બાકી, દયા-દાન કે વ્રત-ભક્તિ-પૂજા કરવાથી કર્મોનો નાશ થતો નથી. કર્મબંધનથી છૂટવાનો એક જ આ ઉપાય છે કે નિજવસ્તુ જે ત્રિકાળ પરમાનંદ શુદ્ધસ્વભાવે રહેલી છે તેની સન્મુખ દૃષ્ટિ, જ્ઞાન અને અનુભૂતિ કરવી.

જે જીવને ભવસ્થિતિ થોડી રહી હોય ત્યારે જ તેને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે અને તે જીવ કર્મ-કલંકથી છૂટી શકે છે. સમકિત ઉત્પન્ન થવાનો કાળ નિશ્ચિત છે, કેવળજ્ઞાનની ઉત્પત્તિનો કાળ પણ નિશ્ચિત છે. કેવળજ્ઞાનમાં તેની નોંધ છે. જીવની એક ગુણની એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે અને તે પણ રાગ વિના જાણે એવી સત્તાની હયાતિનો સ્વીકાર કાંઈ રાગના અવલંબને થતો નથી, અલ્પજ્ઞાનના અવલંબને થતો

નથી. એ સત્તાનો સ્વીકાર તો મહાસત્તા એવા સર્વજ્ઞ-સ્વભાવના અવલંબને થાય છે. સર્વજ્ઞ એટલે 'જ્ઞ' સ્વભાવ–'જાણનાર સ્વભાવ' કે જેમાં 'ન જાણવું' એવું કાંઈ હોય નહિ. જાણવું.....જાણવું...જાણવું...એવા 'જ્ઞ' સ્વભાવની પ્રતીતિ સર્વજ્ઞ-સ્વભાવના અવલંબન વિના થતી નથી. આવા સ્વભાવનું અવલંબન લેવામાં જ પુરુષાર્થ છે. સ્વભાવની પ્રતીતિ નિમિત્તના અવલંબને, રાગના અવલંબને કે પર્યાયના અવલંબને થતી નથી.

પ્રવચનસારની ૮૦મી ગાથામાં પણ કહ્યું ને! જે અર્હન્તના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે તે પોતાના આત્માને જાણે છે કે હું પણ સર્વજ્ઞદેવનો નાતીલો છું. સિદ્ધની નાતનો હું છું બાપુ! સિદ્ધની હરોળમાં (લાઈનમાં) બેસું એવો હું છું. દશાશ્રીમાળી નાતને જમાવાનું કહ્યું હોય તો કરોડપતિ હોય કે ગરીબ હોય બધા એકસાથે જમવા બેસે છે. ગરીબ માણસ કરોડપતિની તદ્દન નજીક જઈને ન બેસે એટલું એનું માન જાળવે એ જુદી વાત છે પણ, વાઘરી તો આ નાતમાં આવી જ ન શકે. તેમ જે લાયક જીવ છે તે ફટ કરતો ભગવાનના સમવસરણમાં ઘૂસી જાય છે. અભવ્ય જીવો અંદર જઈ શકતા નથી. એ જ રીતે જેને સ્વભાવને જાણવાની અને પ્રતીત કરવાની યોગ્યતા થઈ છે તે ફટ અંદરમાં આવી જાય છે કે અહો! જેમ સર્વજ્ઞ બધાને જાણે દેખે છે તેમ હું પણ સર્વજ્ઞસ્વરૂપી આત્મા મારી વર્તમાન શક્તિ અનુસાર રાગને જાણું, બીજાને જાણું, મારા સ્વભાવને જાણું એમ બધાનો જાણનાર જ છું.

અહીં કહે છે કે જેને ભવસ્થિતિ થોડી રહી હોય એટલે કે જેને સમ્યગ્દર્શન પામવાનો અને કેવળજ્ઞાનની પ્રતીતિનો કાળ હોય ત્યારે જ તેને સમકિત ઉત્પન્ન થાય છે. આમા મહાપુરુષાર્થ છે. આહાહા....! અનંત આત્માઓ છે, બધા અનંતગુણથી ભરેલા છે તેમા અનંત આત્માઓ એવા છે કે જેને પ્રગટ પરમાત્મદશા વર્તે છે. એ એક એક પરમાત્મદશામાં અનંતા પરમાત્માનું જ્ઞાન વર્તે છે એ પર્યાયની તાકાત કેવી! બાપુ! એની તાકાતમાં પ્રતીત કરવા જતાં સર્વજ્ઞસ્વભાવી ભગવાનની પ્રતીત થઈ જાય છે તેનું નામ પુરુષાર્થ છે. જે પુરુષાર્થ બહારમાં હતો તે ગુંલાટ ખાઈને અંતરમાં જાય છે ત્યારે કર્મકલંકથી છૂટી શકાય છે. કર્મ એ તો કલંક છે પ્રભુ!

તાત્પર્ય આ છે કે જે ટંકોત્કીર્ણ જ્ઞાયક એક શુદ્ધ સ્વભાવ છે તેનાથી વિલક્ષણ સ્ત્રી, પુરુષાદિ ભેદને જોઈને રાગાદિ ખોટા ધ્યાન કરવા ન જોઈએ. આ શરીર દેખાય છે તે તો પરમાણુનો પિંડ છે તેની જુદી-જુદી અવસ્થા છે. અંદરમાં રહેલો આત્મા તો સદાય એકરૂપ ટંકોત્કીર્ણ જ્ઞાયક શુદ્ધ સ્વભાવ છે, તેની દૃષ્ટિ કરનારને સ્ત્રી-પુરુષાદિના શરીરને

દેખીને રાગ-દ્વેષ કરવાનો પ્રસંગ રહેતો નથી. જેવો મારો આત્મા છે તેવો જ બધાનો આત્મા છે માટે કોઈ ઉપર રાગ અને કોઈ ઉપર દ્વેષ કરવાનો ભાવ રહેતો નથી. જુદા જુદા અંગ દેખાય છે એ તો વ્યવહાર-પુદ્ગલનો વિકારી પર્યાય છે. નિશ્ચય-પુદ્ગલ તો એક પરમાણુ છે કે જેના બે ખંડ થતા નથી, જેનાથી કોઈ નાનું નથી એવા નાનામાં નાના અણુને પરમાણુ કહેવાય છે, એ તો દેખાતો નથી, જે દેખાય છે એ તો ઘણા પુદ્ગલોનાં મળેલાં-સ્કંધની પર્યાય છે એ વ્યવહાર-પુદ્ગલની વિભાવિક પર્યાય છે.

૭૮ની સાલમાં નાગ્નેશમાં બપોરે દિશાએ જતાં સ્મશાનમાં આ વિચાર આવ્યો હતો કે આ બધું દેખાય છે તે શું છે? મૂળ દ્રવ્ય કોઈ દેખાતું જ નથી. મૂળ દ્રવ્ય બધા અતીન્દ્રિય છે. જે દેખાય છે તે સંયોગિક સ્કંધનો વિભાવિક પર્યાય છે. સમજાણું કાંઈ! પછી ઉપાશ્રયમાં આવીને વાત કરી હતી કે આ જે ઈન્દ્રિયથી દેખાય છે તે સ્કંધનો વિભાવપર્યાય છે. સ્વાભાવિક વસ્તુ અતીન્દ્રિય ગ્રાહ્ય છે. પરમાણુ પણ અતીન્દ્રિયગ્રાહ્ય છે અને ભગવાન પણ અતીન્દ્રિયગ્રાહ્ય છે. ધર્માસ્તિકાય પણ અતીન્દ્રિય ગ્રાહ્ય છે. આમાં કોને કહેવા મારા અને કોને કહેવા તારા? સૌના કારણે સૌનું પરિણમન થઈ રહ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્ર બહુ વિચારક અને ક્ષયોપશમવાળા હતા. તેમણે એકવાર એક પત્રમાં કહ્યું છે કે "આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે." કારણ કે જ્યાં ત્યાં સંયોગથી જ લોકોને કાર્ય થતું દેખાય છે. સાત વર્ષે શ્રીમદ્‌ને જાતિસ્મરણ થયું હતું. ૧૬મા વર્ષે તો ૧૦૮ પાઠવાળી મોક્ષમાળા બનાવી, ૨૪મા વર્ષે સમકિત થયું. મોક્ષમાળામાં એક ૬૭મા પાદમાં આ અમૂલ્ય તત્ત્વવિચારણા-કાવ્ય લખ્યું તેમાં એક કડી એ લખી કે–

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!

૧૬ વર્ષે આવી પાંચ કડીનો એક પાઠ, એવા ૧૦૮ પાઠ બનાવ્યા.

ત્રણ જ દિવસમાં ૧૦૮ પાઠ બનાવ્યા. સંવત ૧૯૨૪મા શ્રીમદ્‌નો જન્મ થયો અને સંવત ૧૯૩૧મા સાત વર્ષની ઉંમરનો બાળક પણ સંસ્કારી જબરો, ફાટ-ફાટ

ક્ષયોપશમ...પાડોશમાં દાદા ગુજરી ગયા તેને બધા સ્મશાને લઈ જતા હતા. શ્રીમદ્‌ના પિતામહને એમ કે આ મડદાને જોઈને બાળક ડરી જશે એટલે તેને ચાલ્યા જવા કહ્યું પણ આમને તો જોવું હતું કે આ બધું શું છે? એટલે સ્મશાનથી દૂર એક ઝાડના થડ ઉપર ચડીને જુએ છે કે આ મડદામાંથી એક તત્ત્વ નીકળી ગયું છે એટલે એને બાળી નાંખે છે—એમ વિચારે ચડતાં ત્યાં જ ઝાડની ડાળી ઉપર જાતિસ્મરણ થયું. પછી, ૧૬ વર્ષે આ લખ્યું કે મહા પુણ્યથી તને આ નરભવ અનંત કાળે માંડ મળ્યો તેમાં ઓળખાણ કરી લે કે હું કોણ છું? ક્યાંથી થયો, મારું ખરું સ્વરૂપ શું છે? કાવ્યમાં કહ્યું કે—

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યા.

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું.
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.

આ તો એટલે કહ્યું કે દેહ ગમે તેવડો હોય પણ આત્માની તાકાત કેટલી છે! ૧૬ વર્ષે પોકારે છે કે નિર્દોષ પુરુષને ઓળખો કે જેણે આવા આત્માનો અનુભવ કર્યો છે તેની સત્ય વાત માનીને તમારા આત્માને તારો એટલે કે ઉગારો! બધા આત્મા એક સમાન છે એવી દૃષ્ટિ કરો. જગતની રચના તો અસત્યનો આગ્રહ અને તેની ભાવના કરાવવાવાળી છે, સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે.

એક પત્રમાં શ્રીમદે લખ્યું છે કે 'દેખતભૂલી ટળે તો સર્વ દુ:ખનો ક્ષય થાય' આનાથી આમ થાય, આનાથી આમ થાય એમ એક વસ્તુથી બીજી વસ્તુનું કાર્ય થતું માનવું તે દેખતભૂલી છે. એવો સ્પષ્ટ અનુભવ થાય છે છતાં દેખતભૂલીના પ્રવાહમાં જીવ વહ્યો જાય છે. અનાદિથી સ્વભાવને ભૂલીને, સંયોગદૃષ્ટિમાં બહારના નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એવો ભરમાયો છે કે સત્યનું ભાવન વિકટ થઈ પડ્યું છે.

અહીં હવે ૧૦૭ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે તું શુદ્ધ સંગ્રહનયથી જીવોમાં ભેદ ન કર!

एक्कु करे मण विण्णि करि मं करि वण्ण-विसेसु।
इक्कई देवईं जे वसह तिहुयणु एहु असेसु ॥१०७॥

અર્થ :—હે આત્મન્! તું જાતિની અપેક્ષાએ બધા જીવોને એક જાણ! રાગ-દ્વેષ ન કર. સંયોગના ફેરફાર, રાગના ફેરફાર, પર્યાયમાં અલ્પજ્ઞતા આદિથી જીવોમાં ભેદ ન કર! જાતિ અપેક્ષાએ બધા જીવો સમાન છે. માટે કોઈ ઉપર રાગ કે દ્વેષ ન કર!

મનુષ્ય જાતિની અપેક્ષાએ બ્રાહ્મણ આદિ ભેદ પણ ન કર! કેમ કે અભેદનયથી, ત્રણ લોકમાં રહેવાવાળી બધી જીવ-રાશિ એક સમાન છે અર્થાત્ જીવપણે બધા એક છે. પર્યાયમાં ફેરફાર છે તે જાણવો પડશે પણ સ્વભાવ અપેક્ષાએ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ ભેદોને ન જો. પણ તેનો અર્થ એવો નથી કે—સમાધિશતકમાં કહ્યું છે કે લિંગનો આગ્રહ ન રાખવો. આ લિંગ છે માટે મારો મોક્ષ થશે એવો આગ્રહ છોડી દે પણ મોક્ષ જનારનું લિંગ તો તેને યોગ્ય જ હોય. સમ્યગ્દર્શનપૂર્વક ત્રણ કષાયના અભાવવાળી મુનિદશા પ્રગટ થાય ત્યારે શરીરની અવસ્થા નગ્ન જ થઈ જાય, ૨૮ મૂળગુણનો વિકલ્પ સહજ આવે. પણ આગ્રહ કરીશ નહિ કે આનાથી મુક્તિ થશે. મોક્ષે જનારને નગ્નલિંગ જ હોય, બીજું લિંગ ન હોય.

દ્રવ્યની વાત ચાલતી હોય ત્યાં પર્યાયમાં ગમે તેવું હોય, એમ ન હોય. કોઈ એમ કહે કે 'જુઓ! સમાધિશતકમાં કીધું છે કે કોઈપણ લિંગથી મુક્તિ થાય છે', તો વાત એમ નથી. ત્યાં એમ કહ્યું છે કે 'લિંગનો આગ્રહ કરીશ નહિ એટલે આવી દશા થઈ છે માટે મારી મુક્તિ થશે' એમ માનીશ નહિ, કેમ કે બાહ્યલિંગથી મુક્તિ થતી નથી. માટે લિંગ ઉપર લક્ષ ન કર! સ્વભાવ ઉપર લક્ષ કર!

અહીં કહ્યું કે બ્રાહ્મણ આદિ વર્ણોનો ભેદ ન કર, કેમ કે ત્રણ લોકમાં રહેવાવાળી જીવરાશિ અભેદનયથી શુદ્ધ આત્મા સમાન છે. માટે એક સમયની પર્યાય અને સંયોગને ભૂલી જા અને સ્વભાવની દૃષ્ટિ કર તો તારા સ્વભાવનું તને માહાત્મ્ય આવશે અને રાગ-દ્વેષ થવાનો પ્રસંગ ઊભો નહિ થાય અને સ્વભાવનું વલણ થતાં તારી મુક્તિ થયા વિના રહેશે નહિ.

(ક્રમશઃ)

# પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર

(ગતાંકથી ચાલુ)

જ્ઞાનની હીનતા વડે જીવ નિંદા યોગ્ય થાય છે એમ કહ્યું; તેમાં જ્ઞાનની 'હીનતા' કહેતાં 'વિપરીતતા' સમજવી. કોઈ મુનિરાજને બહારના જાણપણાનો ઉઘાડ ઓછો હોય...તોપણ તેથી તે કાંઈ નિંદ્ય નથી. રાગ અને વિકાર તે જ હું, તેનાથી મને લાભ થશે એવી મિથ્યાબુદ્ધિને લીધે જીવ નિંદ્ય થાય છે. વળી, જ્ઞાનની વિશેષતા વડે જીવ સ્તુતિયોગ્ય થાય છે એમ કહ્યું; તેમાં પણ જ્ઞાનની 'વિશેષતા' કહેતાં 'સમ્યગ્જ્ઞાન' સમજવું.

કોઈ મિથ્યાદષ્ટિને અગિયાર અંગનું જ્ઞાન હોય...તોપણ તેમાં તેને વિપરીતતા હોવાથી તેને જ્ઞાનની હીનતા જ છે તથા મુનિદશામાં કોઈને શાસ્ત્ર-જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તોપણ ત્યાં સમ્યગ્જ્ઞાન હોવાથી જ્ઞાનની હીનતા નથી પણ જ્ઞાનની વિશેષતા જ છે, તેમને અંતરમાં જ્ઞાનનું સ્વસંવેદન-બળ ઘણું વધી ગયું છે. જ્ઞાનની હીનતા વડે નિંદ્યપણું તથા જ્ઞાનની વિશેષતા વડે પૂજ્યપણું કહ્યું, તેમાં હીનતા અને વિશેષતાનો અર્થ ઉપર પ્રમાણે સમજવો.

હવે, રાગાદિકની અધિકતા વડે નિંદ્યપણું અને રાગાદિકની હીનતા વડે પૂજ્યપણું કહ્યું—તેમાં 'હીનતા' એટલે શું? તે કહેવાય છે : 'રાગાદિકની હીનતા' એટલે કે 'નાશ'. તે સમ્યગ્દર્શનપૂર્વક જ થઈ શકે છે.

મિથ્યાદષ્ટિને રાગાદિની મંદતા ભલે હો પણ તેને 'રાગાદિની હીનતા' થતી નથી. રાગાદિ રહિત આત્માના શુદ્ધ સ્વરૂપની જેને ઓળખાણ ન હોય, તેને રાગાદિની યથાર્થ હીનતા થઈ શકે જ નહિ. કેમકે તે કોના અવલંબને રાગની હીનતા કરશે? રાગથી ભિન્ન સ્વરૂપની જેને ખબર નથી તે રાગ સાથે જ એકતા માને છે, તેને રાગના અવલંબન વડે બહુ તો રાગની વર્તમાન પૂરતી 'મંદતા' થાય પણ રાગની 'હીનતા' ન થાય એટલે કે 'નાશ' ન થાય. રાગરહિત એવા જ્ઞાનસ્વભાવના અવલંબને જ રાગની હીનતા ને જ્ઞાનાદિની વિશેષતા થાય છે.

મિથ્યાદષ્ટિજીવ રાગ-દ્વેષની મંદતા કરીને ભલે નવમી ગ્રૈવેયક સુધી જાય, તોપણ તે નિંદ્ય છે; તેને રાગાદિની હીનતા જરાપણ નથી; કેમકે રાગ સાથે જ એકત્વબુદ્ધિ પડી છે

એટલે અનંતાનુબંધી આદિ બધા કષાયો તેને વર્તે છે. જે રાગને પોતાનું સ્વરૂપ માને અથવા તો તેનાથી લાભ માને, તે તેની હીનતા કેમ કરે? માટે અજ્ઞાનીને રાગની હીનતા યથાર્થપણે હોતી જ નથી. આત્મા રાગરહિત જ્ઞાનસ્વરૂપ છે. તેના ભાનપૂર્વક રાગાદિની હીનતા તથા જ્ઞાનની અધિકતા—એવા વીતરાગ વિજ્ઞાન વડે જીવનું મહાનપણું ને પૂજ્યપણું છે.

પંચ પરમેષ્ઠીમાં શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને તો રાગાદિનો સંપૂર્ણ અભાવ થયો છે ને પરિપૂર્ણ જ્ઞાન ખીલી ગયું છે, એ રીતે તેમને સંપૂર્ણ વીતરાગ વિજ્ઞાન છે. શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક શુદ્ધોપયોગી ચારિત્રથી રાગાદિકની ઘણી હીનતા થઈ ગઈ છે તથા જ્ઞાનની ઘણી વિશેષતા થઈ ગઈ છે, પરંતુ ત્યાં હજી રાગનો અલ્પઅંશ રહ્યો છે ને કેવળજ્ઞાન થયું નથી, માટે ત્યાં એકદેશ વીતરાગ વિજ્ઞાન છે. 'પૂરું નથી' એ અપેક્ષાએ 'એકદેશ' કહ્યું છે.

—આ રીતે વીતરાગ વિજ્ઞાનથી પંચ પરમેષ્ઠી ભગવંતો પૂજ્ય છે.

જોકે ચોથા ગુણસ્થાને પણ સમ્યગ્દષ્ટિને અંશે વીતરાગ વિજ્ઞાન તો છે, ત્યાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના ભાનથી સમ્યગ્જ્ઞાન થયું છે ને અનંતાનુબંધી રાગ-દ્વેષ ટળી ગયા છે;—એ રીતે ચોથા ગુણસ્થાને પણ વીતરાગ વિજ્ઞાનનો અંશ છે; પરંતુ ત્યાં પરમેષ્ઠીપદે નથી; તેથી અહીં પંચ પરમેષ્ઠીમાં તેની વાત નથી લીધી.

પરમેષ્ઠીપદ : પરમપદમાં જે સ્થિત છે, તે પરમેષ્ઠી છે. આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ, તે પરમ પદ છે. તે પરમ પદમાં જે સ્થિત છે, તે પરમેષ્ઠી છે.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચેય પરમ ચૈતન્ય-પદમાં સ્થિત હોવાથી પરમેષ્ઠી છે.

અંતરમાં શુદ્ધોપયોગના સાધન વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય પ્રગટ કરીને, જેમણે ત્રણ કષાયનો નાશ કર્યો છે ને સ્વરૂપમાં ઘણી સ્થિરતા પ્રગટ કરી છે—એવા મોક્ષમાર્ગી મુનિવરો પરમેષ્ઠીપદમાં ભળી ગયા છે.

સર્વે મુનિઓ બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ હોય છે. આ સિવાય, શરીર ઉપર વસ્ત્રની એક લંગોટી પણ ધારણ કરવાની જેની ઈચ્છા છે, તેને ત્રણ કષાયનો અભાવ થયો નથી ને સ્વરૂપ-સ્થિરતા થઈ નથી; ત્યાં સમ્યગ્દર્શન સહિત ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંચમ ગુણસ્થાનનું શ્રાવકપણું હોઈ શકે, પરંતુ તેને મુનિદશા ન હોઈ શકે; ને તે પંચ પરમેષ્ઠીમાં ન આવે.

અહો! પંચ પરમેષ્ઠી પદ શું ચીજ છે!!—તેના મહિમાની લોકોને ખબર નથી, ઘણા લોકો રોજ 'णमोकार मंत्र' બોલી જાય છે, પણ તે 'णमोकार मंत्र' માં જે પંચ પરમેષ્ઠી ભગવંતોને નસ્કાર કરવામાં આવ્યા છે, તેમનું સ્વરૂપ તો ઓળખતા નથી! પોતે જેમને નમસ્કાર કરે છે તેમનું સ્વરૂપ જાણ્યા વગર પ્રયોજનની સિદ્ધિ ક્યાંથી થાય?

'હું કોને નમસ્કાર કરું છું ને શા માટે નમસ્કાર કરું છું'—તે ઓળખે તો પ્રયોજનની સિદ્ધિ થાય. પ્રથમ તો, જીવને સુખ થાય તે પ્રયોજન છે; તે સુખ વીતરાગ વિજ્ઞાનથી જ થાય છે એટલે વીતરાગ વિજ્ઞાન તે પ્રયોજન થયું. શ્રી અરિહંતાદિક પંચ પરમેષ્ઠી ભગવંતો વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ છે. વીતરાગ વિજ્ઞાન વડે તેમનામાં મહાનપણું હોવાથી તેઓ પૂજ્ય અને વંદનીક છે.

—આ પ્રમાણે વીતરાગ વિજ્ઞાનસ્વરૂપે જો પંચ પરમેષ્ઠી ભગવંતોને ઓળખે તો પોતામાં પણ સ્વભાવ અને પરભાવનું ભેદજ્ઞાન થઈને વીતરાગ વિજ્ઞાનરૂપ પ્રયોજન સિદ્ધિ થાય.

**

## શિવપુરી નગરમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિના અનાવરણનો કાર્યક્રમ સાનંદોલ્લાસ સંપન્ન

શિવપુરીના શ્રી સીમંધર દિગંબર જિનમંદિરના સ્વાધ્યાયભવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિનો અનાવરણ કાર્યક્રમ અતિ આનંદોલ્લાસપૂર્વક તા. ૧૬-૧-૨૦૦૯ થી તા. ૧૮-૧-૨૦૦૯ સુધી શ્રી તીર્થમંડલ વિધાનપૂજા આદિ અનેક કાર્યક્રમ સહ સંપન્ન થયો. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિના, નિર્માણમૂલ્યનો લાભ શ્રી દેવેન્દ્રકીર્તિ મહિલા મંડળ, શિવપુરી તથા અનાવરણનો લાભ સ્વ. કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા હ. વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા પરિવાર સુરેન્દ્રનગરને પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સુરેન્દ્રનગર, સોનગઢ, મુંબઈ તથા આજુબાજુના શહેરોમાંથી લગભગ ૧૫૦ મુમુક્ષુઓ પધાર્યા હતા. સ્થાનીક મુમુક્ષુઓએ પણ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. શિવપુરીના બાળકોએ મૈનાસુંદરી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનવૃત્તાંત ઉપર ભાવવાહી સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યા હતા. આ મહોત્સવના સંપૂર્ણ વિધિ-વિધાન તથા પ્રવચનાદિ કાર્યક્રમ બા. બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ), શ્રી પ્રકાશભાઈ શાહ (મલાડ) તથા શ્રી પ્રમોદભાઈ (ખંડવા) દ્વારા સંપન્ન કરવામાં આવ્યા હતા. બધા મહેમાનો માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા શિવપુરી મંડળ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સામેલ થવાવાળા બધા મુમુક્ષુઓને જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી પુનઃ પધાર્યા હોય એવો અનુભવ થતો હતો. અંતિમ દિવસની રથયાત્રામાં હજારો જૈન ભાઈ-બહેનો ખૂબ જ ઉત્સાહથી સહભાગી થયા હતા.

# SMS – લિપિ

ભારતવર્ષના અદ્વિતીય અધ્યાત્મસાધના તીર્થ સુવર્ણપુરીમાં અધ્યાત્મમાર્ગપ્રભાવક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તથા ઉપકારમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપે માર્ગપ્રભાવનાના અંગરૂપ સર્વ ધાર્મિક કાર્યક્રમ નિયમિત સુચારુરૂપે ચાલી રહ્યા છે. તેની કડીરૂપ એક SMS યોજના શરૂ કરવામાં આવી છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા દરરોજ SMS–સભ્યને SMS મોકલવામાં આવશે. SMS-માં જિનાગમમાંથી, પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રીના પ્રવચન-ચર્ચામાંથી તથા ભક્તિ-સાહિત્યમાંથી ગદ્ય-પદ્ય મોકલવામાં આવશે. તદ્ઉપરાંત ટ્રસ્ટ અંતર્ગત ઉજવવામાં આવનારા ઉત્સવો વગેરેની સૂચના આપવામાં આવશે. SMS-સભ્ય બનવા માટે **આપનો મોબાઈલ નંબર, નામ, સરનામા સાથે રૂા. ૩૦/- વાર્ષિક લવાજમ સોનગઢ મોકલાવવું જરૂરી છે.**

**SMS-ના રસાસ્વાદન માટે માર્ગદર્શિકા નીચે આપવામાં આવી છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ = a | ઔ = au | ઠ = Th | ફ = ph | ષ = Sh | કુ = ku, |
| આ = A | ક = k | ડ = D | બ = b | સ = s | કૂ = kU |
| ઇ = i | ખ = kh | ઢ = Dh | ભ = bh | હ = h | કૃ = kRu |
| ઈ = I | ગ = g | ણ = N | મ = m | ક્ષ = kSh | કે = ke |
| ઉ = u | ઘ = gh | ત = t | ય = y | જ્ઞ = gy | કૈ = kai |
| ઊ = U | ચ = ch | થ = th | ર = r | ૐ = oum | કો = ko |
| ઋ = Ru | છ = chh | દ = d | લ = l | ક = ka | કૌ = kau |
| એ = e | જ = j | ધ = dh | ળ = L | કા = kA | કં = kaM |
| ઐ = ai | ઝ = jh | ન = n | વ = v, w | કિ = ki | કઃ = kaH |
| ઓ = o | ટ = T | પ = p | શ = sh | કી = kI | |

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના જીવન-દર્શન સંબંધિત એક પુસ્તક-ફોટોગ્રાફ સાથે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા તૈયાર થઈ રહ્યું છે. આ પુસ્તક ગુજરાતી તથા હિન્દી બંને ભાષાઓમાં અલગ-અલગ છાપવામાં આવશે. આ પુસ્તક પૂજ્ય ગુરુદેવશ્રીના આગામી જન્મોત્સવમાં પ્રકાશિત કરવામાં આવશે. તેથી તા. ૨૦ માર્ચ ૨૦૦૯ સુધી જ પુસ્તક પ્રકાશન માટે આવેલી દાનરાશિની વિગત પુસ્તકમાં છાપવામાં આવશે.

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (બૃહદ્-દ્રવ્યસંગ્રહ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :—**સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૯મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૧૯-૨-૨૦૦૯, ગુરુવારથી તા. ૨૬-૨-૨૦૦૯, (ફાગણ સુદ ૨) સોમવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—**શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, શુક્રવાર, તા. ૨૭-૨-૨૦૦૯ થી ફાગણ સુદ ૭, મંગળવાર તા. ૩-૩-૨૦૦૯ સુધી આનંદોલ્લાસસહ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :—**સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૩-૩-૨૦૦૯, મંગળવારથી તા. ૧૦-૩-૨૦૦૯, મંગળવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :—**ફાગણ સુદ ૧૩, સોમવાર, તા. ૯-૩-૨૦૦૯ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૩૬માં વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૭મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૭મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૨૧-૩-૨૦૦૯ શનિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૧૭-૩-૨૦૦૯ મંગળવારથી તા. ૨૧-૩-૨૦૦૯ શનિવાર—પાંચદિવસ સુધી, શ્રી 'સમવસરણ-વિધાન પૂજા', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી દિગંબર જૈન સંઘ વાંકાનેર દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

*નિમંત્રક*
*શ્રી દિગંબર જૈન સંઘ,*
*વાંકાનેર*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય! કાળનયને દેખનાર સાધકની દૃષ્ટિ કાળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતાં વાર લાગે. કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય, તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે. ૪૭૧.

❀ અહા! અત્યાર સુધીમાં જે સિદ્ધો થયા એથી અનંતગુણા જીવો નિગોદના એક એક શરીરમાં છે. એ જીવોમાંથી કેટલાંક તો સદાય એમાં જ રહેવાના છે. નિગોદમાંથી સંજ્ઞી-પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂક્યો તો ફરી આ અવસર નહિ મળે. અત્યારે તો ''સબ અવસર આ ચુકા હૈ.'' ૪૭૨.

❀ કોઈ કહે કે અધ્યાત્મમાં આમ કહ્યું છે ને આગમમાં આમ કહ્યું છે ને ન્યાયશાસ્ત્રોમાં આમ કહ્યું છે, તો કહે છે કે બાપુ ! એ બધા કથન છે, પહેલાં તો છ દ્રવ્યસ્વરૂપ લોક છે;—એમ 'છે' કહેતાં અનંતદ્રવ્યની પર્યાય પણ છે એમ એમાં આવી ગયું. પર્યાય કોઈને કારણે છે—એમ નથી, પર્યાય સત્ છે, તેનો કોઈ હેતુ નથી. 'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે'—તેમાં 'છે' તે સત્ છે. દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય પણ સત્ છે. જેમ દ્રવ્યનું કોઈ બીજું કારણ નથી, ગુણનું કોઈ બીજું કારણ નથી તેમ વિકારી કે અવિકારી પર્યાયનું પણ કોઈ બીજું કારણ નથી, એ પર્યાય પણ પોતાના કારણથી તે સમયમાં નિરાલંબપણે—દ્રવ્ય-ગુણના આલંબન વિના, નિમિત્તના આલંબન વિના—અપેક્ષા વિના—પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે એ લોકનું સ્વરૂપ છે. ૪૭૩.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૦૯
અંક-૬ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# * આહાહા! ગજબ વાત કરી છે! *

શુદ્ધ નિશ્ચયનયના બળથી વ્યવહારને હેય કહ્યો છે, તે હેયરુપ વ્યવહારનયના વિષયમાં ઉદય આદિ ચાર ભાવો આવી જાય છે. ચૌદ જીવસ્થાનો અને ચૌદ માર્ગણાસ્થાનો અને ચૌદ ગુણસ્થાનો પણ આવી જાય છે. એ બધાને શુદ્ધ નિશ્ચયનયના બળથી હેય ગણવામાં આવે છે. અરે! સંસાર અને મોક્ષ એ બધી પર્યાયો હોવાથી ત્રિકાળી શુદ્ધ જીવ વસ્તુમાં તેનો અભાવ હોવાથી તેને વ્યવહારજીવ ગણીને હેય કહ્યા છે. આહાહા! ગજબ વાત કરી છે. નિમિત્તને તો પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે અને રાગને પણ પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે પણ અહીં નિયમસાર ગાથા ૫૦મા તો નિર્મળ પર્યાયને પણ પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહીને હેય કહી છે. આહાહા! આચાર્યદેવે અંતરના મૂળ માખણની વાત ખૂલ્લી કરી દીધી છે. નિર્મળ પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે, તેથી તેનું લક્ષ છોડાવવાના હેતુથી તેને પરસ્વભાવ ને પરદ્રવ્ય કહીને હેય કહી છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org